# શફાઅત

ISLAMIC INFORMATION CENTRE - KUTCH
THE AUTHENTIC ISLAMIC LIBRARY

ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર
હોટલ નુરાની પાસે, ડાંડા બજાર, ભુજ - કચ્છ.
Mo. : 84017 86172 - www.iickutch.blogspot.in

# શફાઅત

**શફાઅત :** (સિફારિશ, ભલામણ, દરમ્યાનગીરી) વિશે મુસલમાનોની અંદર ઘણી ગેરસમજો જોવા મળે છે. જેમની સુધારણા ખૂબ જ જરૂરી છે. સામાન્ય રીતે શફાઅતની ખોટી વિચાર ધારા એ છે કે અલ્લાહના પ્યારા અને મહબૂબ બંદાઓનું અલ્લાહને ત્યાં ખૂબ જ વર્ચસ્વ છે. તેમની દરેક વાત માનવામાં આવે છે જેથી આપણે કોઈ નેક, વલિઅલ્લાહના દામનને પકડી લઈએ અને તેમને રાજી કરી લઈએ તો તેઓ કયામતના દિવસે આપણી ભલામણ કરી આપણને બચાવી લેશે અને આપણે જન્નતમાં દાખલ થઈ જઈશું.

**ઈસ્લામી શફાઅત :** રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દુનિયામાં પણ સૈયિદુલ્અંબિયા છે અને આખિરતમાં પણ સૈયિદુલ્અંબિયા હશે. કયામતના દિવસે શફાઅતની શરૂઆત નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી થશે. આ શફાઅતની ચોખવટ નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ એક હદીષમાં બયાન ફરમાવી છે. શફાઅત વિશેના ઈસ્લામી સચોટ અકિદા, માન્યતાની જેટલી ચોખવટ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બયાન કરેલી હદીષ દ્વારા થાય છે એટલી કોઈ બીજી રીતે શકય નથી. જેથી શફાઅતની ઈસ્લામી માન્યતાનો ખૂલાસો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીષથી પ્રસ્તુત છે.

હઝરત અબૂ હુરૈરહ રઝીઅલ્લાહુ અન્હુ થી વર્ણન છે કે નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : કયામતના દિવસે અલ્લાહ તઆલા આગલા-પાછલા બધા જ ઈન્સાનોને એક સપાટ મેદાનમાં જમા કરશે. જયાં પોકારનાર તેમને સરળતાથી પોકારી શકશે અને જોનાર સરળતાથી જોઈ શકશે. સૂર્ય એકદમ નજીક આવી જશે જેના લીધે પરેશાની અને તકલીફ સહન શકિતની બહાર હશે. લોકો અંદરોઅંદર કહેશે જુઓ કેવો સખત સમય આવી પડયો છે. કોઈ એવો માણસ શોધો જે તમારા રબની હજૂરમાં ભલામણ (શફાઅત) કરી શકે. પરસ્પરની સલાહ પછી લોકો કહેશે કે આપણે હઝરત આદમ અલ્યહિસ્સલામ પાસે જવું જોઈએ. લોકો હઝરત આદમ અલ્યહિસ્સલામ પાસે આવશે અને અરજ કરશે, આપ અબુલ્બશર છો (માનવ પિતા). અલ્લાહએ આપને પોતાના હાથથી બનાવ્યા અને પોતાની રૂહ (પ્રાણ) તમારા અંદર ફૂંકી,

ફરિશતાઓને હુકમ આપી તમારા સામે સજદો કરાવ્યો. આજે આપ આપના રબની હજૂરમાં અમારી શફાઅત, ભલામણ કરી આપો. આપ જુઓ છો કે આજે અમારા ઉપર કેટલી મોટી આફત આવી પડી છે.

હઝરત આદમ અલ્યહિસ્સલામ જવાબ આપશે, આજે મારો રબ એટલો તો ગુસ્સે છે કે જેટલો અગાઉ કદી ગુસ્સે ન હતો અને ન તો હવે પછી થશે. મને અલ્લાહએ (જન્નતમાં) (એક) ઝાડ નજીક જવાથી મનાઇ કરી હતી પરંતુ હું તેની નાફરમાની કરી બેઠો જેના કારણે મને મારી જાત, જાનની ચિંતા છે. હે અલ્લાહ ! મને માફ ફરમાવ. હે અલ્લાહ ! મને માફ ફરમાવ. તમે લોકો કોઇ બીજા પાસે ચાલ્યા જાવ. નૂહ અલ્યહિસ્સલામ પાસે જાવ. લોકો હઝરત નુહ પાસે આવશે અને અરજ કરશે, હે નૂહ ! આપ જમીનવાસીઓ તરફ સૌથી પહેલા રસૂલ હતા અલ્લાહે આપને કુર'આનમાં શુક્ર, આભાર વ્યકત કરનાર કહ્યું છે. આપ આપના રબની હજૂર અમારી ભલામણ કરી આપો. આપ જોઇ રહ્યા છો કે અમારી પરિસ્થિતી કેવી છે ?

હઝરત નૂહ અલ્યહિસ્સલામ કહેશે, આજે મારો રબ એટલો ગુસ્સે છે જેટલો કદી ગુસ્સે થયો ન હતો અને કયારે થશે પણ નહીં. (મેં દુનિયામાં) મારી કોમ માટે બદ્દુઆ (અભિશાપ) કરી અને તે બરબાદ થઇ ગઇ તેથી આજે મને મારી જાનની ચિંતા છે. યા અલ્લાહ મને માફ કર. યા અલ્લાહ મને માફ કર. તમે મારા સિવાય કોઇ બીજા પાસે જાવ. ઈબ્રાહિમ અલ્યહિસ્સલામ પાસે ચાલ્યા જાવ. લોકો હઝરત ઈબ્રાહીમ અલ્યહિસ્સલામ પાસે જશે અને અરજ કરશે, હે ઈબ્રાહીમ અલ્યહિસ્સલામ આપ અલ્લાહના નબી અને તેના ખલીલ (દોસ્ત) છો આજે અમારી કફોડી દશા થઇ છે માટે રબની બારગાહમાં અમારી ભલામણ કરી આપો. હઝરત ઈબ્રાહિમ અલ્યહિસ્સલામ કહેશે આજે મારો રબ એટલો તો ક્રોધે ભરાયેલો છે જેટલો કદી ન હતો અને હવે કદી થશે પણ નહીં. દુનિયામાં હું ત્રણ વખત ખોટું બોલ્યો હતો જેના લીધે મને આજે મારી ચિંતા સતાવી રહી છે. યા અલ્લાહ ! મને બચાવજે. યા અલ્લાહ ! મને બચાવજે. મારા સિવાય કોઇ બીજા પાસે ચાલ્યા જાવ. જાવ હઝરત મુસા અલ્યહિસ્સલામ પાસે ચાલ્યા જાવ (હવે) લોકો હઝરત મુસા અલ્યહિસ્સલામ પાસે જશે અને અરજ કરશે. હે મુસા ! આપ અલ્લાહના રસૂલ છો. અલ્લાહે તમારી સાથે વાત કરી. આપ રબની હજૂરમાં

અમારી ભલામણ કરી આપો. અમારી હાલત તો જુઓ. હઝરત મુસા અલ્યહિસ્સલામ કહેશે, આજે તો મારો રબ એટલો ગુસ્સે છે જેટલો કદી હતો નહીં અને કદી થશે નહીં.

દુનિયામાં મે એક માણસને કતલ કરી નાખ્યો હતો. જેને મારી નાખવાનો મને હુકમ ન હતો. જેથી મને આજે મારી ચિંતા છે. યા અલ્લાહ, મને બચાવી લે. યા અલ્લાહ, મને બચાવી લે. તમે મારા સિવાય કોઈ બીજા પાસે જતા રહો. હઝરત ઈસા અલ્યહિસ્સલામ પાસે જાવ. લોકો હઝરત ઈસા અલ્યહિસ્સલામ પાસે આવશે અને કહેશે હે ઈસા! અલ્યહિસ્સલામ આપ અલ્લાહના રસૂલ છો તેનું ફરમાન છો. જેને તેણે મરીયમ અલ્યહિસ્સલામ તરફ નાખ્યો હતો અને અલ્લાહની રૂહ છો. આપે બચપણમાં ખોળામાં રહી લોકો સાથે વાતચીત કરી હતી. આજે અમારા માટે અલ્લાહ સમક્ષ ભલામણ કરી આપો. હઝરત ઈસા અલ્યહિસ્સલામ કહેશે આજે મારો રબ ખૂબ જ ગુસ્સે છે જેવો કદી ન હતો અને કદી થશે નહીં. નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ હઝરત ઈસાના કોઈ જ ગુનાહનું વર્ણન ન કર્યું. હઝરત ઈસા પણ નફ્'સી નફ્'સી નફ્'સી કહેશે અને ફરમાવશે મારા સિવાય કોઈ બીજા પાસે ચાલ્યા જાઓ. હઝરત મુહમ્મદ પાસે ચાલ્યા જાવ.

હવે લોકો મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હાજર થશે અને અરજ કરશે હે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આપ અલ્લાહના રસૂલ છો અને ખાતમુલઅંબિયા છો. અલ્લાહે આપના આગલા-પાછલા બધા જ ગુનાહો માફ કરી આપ્યા છે. તમારા રબની હજૂરમાં અમારી શફાઅત ફરમાવો. આપ જુઓ છો કે અમારી શું દશા થઈ છે ?

હવે હું (મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) હશરના મેદામાં ચાલતો જઈશ અને અર્શની નીચે પહોંચી મારા રબની સામે સજદામાં પડી જઈશ. તે સમયે અલ્લાહ તેની પ્રસંશાના તે શબ્દો મારા દિલમાં નાખી દેશે જે અલ્લાહે અગાઉ કોઈને નથી શીખવાડયા. પછી આદેશ થશે, હે મુહમ્મદ ! પોતાનું માથું ઉંચકો અને સવાલ કરો તમને આપવામાં આવશે. ભલામણ કરો તમારી ભલામણ સાંભળવામાં આવશે.

હું અલ્લાથી ભલામણ (શફાઅત) કરીશ અને મારા માટે એક હદ બાંધી

દેવામાં આવશે. હું તેટલા માણસોને જહન્નમથી કાઢીશ અને જન્નતમાં દાખલ કરીશ. હું ફરીવાર અલ્લાહની બારગાહમાં હાજર થઈ સજદામાં પડી જઈશ અને ત્યાર સુધી સજદામાં જ રહીશ જયાં સુધી અલ્લાહ ઈચ્છશે. ફરી કહેવામાં આવશે હે મુહમ્મદ ! માથું ઉંચકો ! વાત કરો, સાંભળવામાં આવશે. સવાલ કરો, આપવામાં આવશે ભલામણ કરો, કબૂલ કરવામાં આવશે. હું ફરી અલ્લાહની હમ્દ અને સના પ્રસંશા અને વખાણ કરીશ જેવી અલ્લાહ મને તે સમયે શીખવાડશે. ત્યારબાદ સિફારિશ, ભલામણ કરીશ. ફરી એક હદ બાંધી આપવામાં આવશે તે મુજબ લોકોને જહન્નમમાંથી કાઢીશ અને જન્નતમાં લઈ જઈશ. આવી જ રીતે ત્રણ કે ચાર વખત થશે. વર્ણનકર્તા કહે છે કે મને યાદ નથી રહ્યું. ત્રીજી કે ચોથી વખતની ભલામણ પછી રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કહેશે હે અલ્લાહ હવે તો જહન્નમમાં કોઈપણ મુવહિહદ (અલ્લાહને એક માનનાર) બાકી નથી રહ્યો. સિવાય એવા લોકો જેમને કુર'આનના હુકમ મુજબ હંમેશા માટે જહન્નમમાં રહેવું છે. (બુખારી, મુસ્લિમ)

**શફાઅતની હદીષથી જે વાતો જાણવા મળે છે તે નીચે મુજબ છે :**

(૧) કયામતના દિવસે અલ્લાહ એટલો તો ગુસ્સામાં હશે કે જલીલુલ્કદ્ર અને ઉલુલ્અઝમ પેગમ્બરોમાંથી પણ કોઈને અલ્લાહની સમક્ષ ભલામણ કરવાની હિંમત નહીં હોય. બધા જ નબીઓ અલ્લાહની પકડથી એટલા તો ભયભીત અને કંપી રહ્યા હશે અને પોતાની જાતની મુકિત માટે આશ્રય માંગી રહ્યા હશે. જયારે અંબિયા અલ્યહિસ્સલામની આ પરિસ્થિતિ હશે તો ઉમ્મતના આમ વલીઓ, સાલેહીન, શહીદો વગેરેની જે પરિસ્થિતિ નિર્માણ થશે તેના વર્ણનની જરૂરિયાત નથી રહેતી.

(૨) બીજી વાત જે આ હદીષથી જણાઈ આવે છે તે એ છે કે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મકામે મહમૂદ ઉપર બિરાજમાન હોવા છતાં વગર અનુમતિએ ભલામણ કરી શકશે નહીં. બલ્કે ભલામણની પરવાનગી પ્રાપ્ત કરવા માટે એક લાંબી મુદત સુધી અલ્લાહની હજુરમાં સજદામાં પડયા રહેશે. અલ્લાહની હમ્દ અને સના (વખાણ, પ્રસંશા) કરશે. અને અલ્લાહ જયારે ઈચ્છશે ત્યારે અનુમતિ આપશે. વિચારો, અલ્લાહએ રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મકામે મહમૂદ આપવાનો વાયદો દુનિયામાં જ કરી લીધો હતો તેમ છતાં આપ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમને ભલામણ કરતા પહેલા અનુમતિ લેવી પડશે. આવા સંજોગોમાં તે માણસથી વધુ ધોકેબાજ કોણ હશે? જે એવો દાવો કરે કે હું કયામતના દિવસે મારા મુરીદોની ભલામણ, સિફારિશ કરીશ અને મારો વસીલો લેનારાઓની અલ્લાહથી બક્ષિશ કરાવી લઇશ મારો દામન પકડનારાઓને જન્નતમાં લઈ જઈશ. તેમજ તે વ્યકિતથી વધારે છેતરાઈ જનાર કોણ હશે? જે પોતાના મુરશિદના આસ્તાના ઉપર નજરાણાઓનો ઢગલો લગાડી એમ સમજી બેસે કે મારી શફાઅત, ભલામણનું આયોજન પાકું થઈ ગયું છે

(૩) શફાઅતની હદીષથી ત્રીજી વાત એ જણાય છે કે અલ્લાહ તઆલા રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને લોકોની અમર્યાદિત સંખ્યાને જહન્નમથી કાઢ વાની પરવાનગી આપશે નહીં, બલ્કે એક મર્યાદા નકકી કરવામાં આવશે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઈમાનના જે તે દરજજાના લોકોને જહન્નમથી કાઢી શકો છો એટલે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત, ભલામણના પરિણામ સ્વરૂપ ફકત તે જ વ્યકિત જહન્નમથી નીકળશે જેને અલ્લાહ બહાર કાઢવાની અનુમતિ આપશે.

(૪) શફાઅતની હદીષથી ચોથી વાત એ માલૂમ થાય છે કે શફાઅત, ભલામણનો ફાયદો ફકત અકિદએ તૌહીદ ઉપર મરનારાઓને જ થશે. જયારે જહન્નમમાંથી બધા જ તૌહીદ પરસ્તો નીકળી આવશે તો રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાની મેળે શફાઅત, ભલામણથી રોકાઈ જશે. અને કહેશે હે અલ્લાહ હવે તો જહન્નમમાં તે જ લોકો બાકી રહી ગયા છે જેમને કુર'આનએ રોકી દીધા છે એટલે કે કાફિર અને મુશરિક લોકો.

ખુલાસો એ છે કે અલ્લાહની પરવાનગી વગર કોઈ નબી, કોઈ ફરિશ્તો, કોઈ વલી ભલામણ નહીં કરી શકે.

બ. ભલામણ કરનાર ફકત તે વ્યકિત માટે જ ભલામણ કરશે જેના માટે અલ્લાહની અનુમતિ, પરવાનગી હશે.

જ. મુશરિક માટે બિલકુલ સિફારિશ, ભલામણ થઈ શકશે નહીં.

આ છે ઈસ્લામનો તે અકીદએ શફાઅત જે કુર'આન અને સુન્નતથી સાબિત છે.

## કેટલાક અમલો જેમનાથી શફાઅત પ્રાપ્ત થશે

૧. હઝરત અબુહુરૈરહ રઝિઅલ્લાહુ અન્હુ થી વર્ણન છે કે નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું, કયામતના દિવસે મારી શફાઅત પ્રાપ્ત કરનાર ભાગ્યશાળી તે લોકો હશે જેમણે ચોખ્ખા મને લાઈલાહ ઈલ્લલ્લાહનો એકરાર કર્યો હશે. (બુખારી) (નોંધ : લા ઈલાહ ઈલ્લલ્લાહનો વિસ્તૃત અર્થ જાણવા સંસ્થાએ પ્રકાશિત કરેલ ''કલમાએ તૌહીદ કા મઅના વ મફ્હુમ'' નો અભ્યાસ કરો.)

હઝરત અબુહુરૈરહ રઝિઅલ્લાહુ અન્હુ થી વર્ણન છે કે નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું, દરેક નબીની એક દુઆ એવી છે જે જરૂર કબૂલ થાય છે. દરેક નબીએ ઉતાવળ કરી અને દુનિયામાં જ તે દુઆ માંગી લીધી જયારે મેં મારા ભાગની દુઆ કયામતના દિવસે મારી ઉમ્મતની શફાઅત માટે સુરક્ષિત રાખી છે. મારી આ શફાઅત દરેક તે વ્યકિતને પહોંચશે જેણે અલ્લાહની સાથે કોઈને સહભાગી ઠેરવ્યો નહી હોય. (મુસ્લિમ)

૨. કુર'આન શરીફની વધુને વધુ તિલાવતનું આયોજન.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું મુબારક ફરમાન છે કુર'આન શરીફ કયામતના દિવસે તેના પઢનારા માટે સિફારશિ, ભલામણ કરનાર બનીને આવશે. (મુસ્લિમ) (નોંધ : કુર'આન શરીફ પઢવાના ફાયદા જાણવા માટે સંસ્થાએ પ્રકાશિત કરેલ ''ફઝાઈલે કુર'આન મજીદ'' વાંચો.)

૩. સુરએ બકરહ અને સુરએ આલેઈમરાનની તિલાવત.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું મુબારક ફરમાન છે કે આ બન્ને સુરતો પોતાના પઢનારાઓના હકમાં અલ્લાહથી ઝગડો કરશે. (મુસ્લિમ) એટલે કે અલ્લાહથી ભલામણ કરશે કે હે અલ્લાહ તેના ગુનાહો માફ કર અને તેને જન્નતમાં મોકલ.

૪. સુરએ મુલ્કની વધુમાં વધુ તિલાવત.

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું મુબારક ફરમાન છે કે સુરએ મુલ્ક પોતાના પઢનારના હકમાં ભલામણ કરતી રહેશે અહીં સુધી કે અલ્લાહ તેને બક્ષી દે. (ઈબ્નેમાજહ)

૫. તહજ્જુદનો આયોજન

નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પોતાના એક સહાબીને નસીહત કરી હતી કે મારી ભલામણ પ્રાપ્ત કરવા માટે વધુને વધુ નફીલ નમાઝો અદા કરતા રહો. (મુસ્લિમ) યાદ રહે નફીલ નમાઝોમાં તહજ્જુદની નમાઝ સૌથી અફઝલ, વિશેષ છે. (મુસ્લિમ)

૬. સવાર-સાંજ દશ-દશ વખત દરૂદ શરીફ પઢવું.

રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું મુબારક ફરમાન છે જે વ્યકિત દશ વખત સવારે અને દશ વખત સાંજે મારા ઉપર દરૂદ મોકલશે કયામતના દિવસે તેને મારી શફાઅત પ્રાપ્ત થશે. (તબ્રાની) દરૂદ શરીફ બાબત આ વાત યાદ રાખવી જોઈએ કે શફાઅતનો આ વાયદો ફકત તે વ્યકિત માટે જ છે જે સુન્નત માન્ય દરૂદ શરીફનો વજીફો કરે. આપ મેળે બનાવેલ દરૂદ જેમ કે દરૂદે તાજ, દરૂદે માહી, દરૂદે લખી વગેરે પઢવાથી ન તો શફાઅત પ્રાપ્ત થશે, ન તો બીજો કોઇ ફાયદો. બલ્કે કયામતના દિવસે અપ્રમાણિત સુન્નત વિરૂદ્ધના દરૂદો આફત નોતરશે. સૌથી અફઝલ, વિશેષ દરૂદ શરીફ દરૂદે ઈબ્રાહીમી છે જે નમાઝોમાં પઢવામાં આવે છે. અગર તેનું આયોજન કરવામાં આવે તો ખૂબ જ સારી વાત અને સવાબ તેમજ બરકતનો કારણ થશે. પરંતુ સમયના અભાવે કોઇ વ્યકિત અલ્લાહુમ્મા સલ્લી અલાહ મુહમ્મદીન વઅલા આલી મુહમ્મદ પણ પઢશે તો આશા છે  કે તે પણ રસૂલે રહમત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅતથી માલામાલ થશે.

૭. અઝાન પછી નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે દુઆ માંગવી.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું મુબારક ફરમાન છે, જે વ્યકિત અઝાન સાંભળી આ દુઆ માંગે અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ દઅ્વતિત તામ્મતિ વસ્સલાતિલ કાઇ-મતિ આતિ મુહમ્મ-દ-નિલ વસી-લ-ત વલ્ ફિઝ-લ-ત વબ્અસ્હુ મકામમ્ મહમૂ-દ-નિલ્લઝી વઅત્તહ. અર્થાત : હે અલ્લાહ, આ તૌહીદની સંપૂર્ણ દઅવત અને ઊભી થનાર નમાઝના રબ ! મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને વસીલો અને મકામે મહમૂદ અર્પણ કર. જેનું તે તેમનાથી વાયદો કરેલ છે. કયામતના દિવસે આ માણસ માટે મારી શફાઅત હલાલ થઇ જશે. (બુખારી)

તેમજ મુસ્લિમ શરીફની હદીષમાં આ શબ્દો પણ છે જે વ્યકિત અઝાન

આપનાર જે શબ્દો કહે છે તે શબ્દો કહે, ત્યારબાદ આ દુઆ માંગે તેના માટે મારી શફાઅત જરૂરી થઇ જાય છે.

## શફાઅતની પરવાનગી કોને મળશે ?

આ સવાલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઘણા ખરા લોકોએ દુનિયામાં આપમેળે પોતાના ભલામણ કરનારા, સિફારશિ નકકી કરી રાખ્યા છે કે ફલાણા વલીઅલ્લાહ અથવા બુઝૂર્ગ કયામતના દિવસે અમારા સિફારશિ થશે. અને અલ્લાહ તઆલા પાસે અમને બક્ષાવી લેશે. શું દુનિયામાં આપમેળે કોઇ વલી કે બુઝૂર્ગને પોતાનો સિફારશિ નિયુકત કરી લેવું કયામતના દિવસે કોઈને કામ આવશે? આ છે તે સવાલ જેનો જવાબ અમે કુર'આન અને સુન્નતની રોશનીમાં શોધવા ઇચ્છીએ છીએ.

રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ફરમાન મુજબ અંબિયા, મલાઇકા અને અહલે ઈમાન સિફારિશ કરશે. (મુસ્લિમ)

જયાં સુધી મલાઇકા (ફરિશ્તાઓ) અને અંબિયાનું સંબંધ છે તો તેમનો મામલો એકદમ સ્પષ્ટ છે બધા જ નબીઓ પોતપોતાની ઉમ્મતના ગુનાહગાર લોકોની સિફારિશ કરશે અને ફરિશ્તાઓમાંથી અલ્લાહ તઆલા જેને ઇચ્છશે તેને શફાઅતની પરવાનગી આપશે. અહલે ઈમાન એટલે કે અવલિયા, સાલેહીન, ઉલેમાઅ અને શહીદોમાંથી કોને કોને શફાઅતની પરવાનગી મળશે અને કોને નહી મળે તેની નિર્ભરતા આ વાત ઉપર છે કે કોણ ખરેખર અલ્લાહ પાસે વલી છે અને કોણ ખરેખર નેક છે અને કોણ ખરેખરો આલિમ અને શહીદ છે. હદીષ શરીફથી જણાય છે કે અમુક લોકો જે દુનિયાની નજરોમાં વલી, આલિમ અને શહીદ છે પરંતુ તેઓ કયામતના દિવસે ઉંધા મોઢે ઢસડીને જહન્નમમાં નાખી દેવામાં આવશે. નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું મુબારક ઈર્શાદ છે કે કયામતના દિવસે સૌથી પહેલા એક શહીદને લાવવામાં આવશે. અલ્લાહ તઆલા તેને પોતાની નેઅમતો (ઉપહારો) ગણાવશે અને શહીદ તે બધી નેઅમતોનો એકરાર કરશે. અલ્લાહ તઆલા તેને પૂછશે તે આ બધી નેઅમતોનો કયો હકક અદા કર્યો ? તે કહેશે, મેં તારી રાહમાં શહીદી વહોરી. અલ્લાહ તઆલા કહેશે, તું ખોટું બોલે છે. તેં ખુદને બહાદુર અને શુરવીર કહેવડાવવા ખાતર શહીદી વહોરી. તો દુનિયામાં તને બહાદુર કહેવામાં આવ્યું. પછી ફરિશ્તાઓને હુકમ થશે અને તેને

મોઢા વાટે ઢસડીને જહન્નમમાં નાખી દેવામાં આવશે. ત્યારબાદ તે વ્યકિતને લાવવામાં અવશે જેણે પોતે ઈલ્મ (જ્ઞાન) શીખ્યું અને બીજાઓને શીખવાડયું અને કુર'આન પઢયું. અલ્લાહ તઆલા તેને પણ પોતાની નેઅમતો ગણાવશે તે આલિમ પણ નેઅમતોનો એકરાર કરશે. અલ્લાહ તેને પૂછશે આ નેઅમતોનો ઉપકાર અદા કર્યો ? તે જવાબ આપશે, યા અલ્લાહ , મેં ઈલ્મ શીખ્યું અને લોકોને શીખવાડયું. તારા ખાતર લોકોને કુર'આન સંભળાવ્યું. અલ્લાહ ફરમાવશે તું ખોટું બોલે છે. તે ઈલ્મ એટલા માટે શીખ્યું કે લોકો તને મહાન આલિમ કહે અને કુર'આન એટલા માટે સંભળાવ્યું કે તને લોકો કારી (કુર'આન પઢનાર) કહે. તો દુનિયામાં તને આલિમ અને કારી કહી દેવામાં આવ્યું. પછી ફરિશ્તાઓને હુકમ થશે અને તેને પણ ઉંધા મોઢે ઢસડીને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. ત્યારબાદ ત્રીજા વ્યકિતને લાવવામાં આવશે જેને દુનિયામાં સુખ-સાહ્યબી અને દરેક પ્રકારની દોલતથી નવાજવામાં આવ્યો હતો. અલ્લાહ તઆલા તેને પણ પોતાની નેઅમતો ગણાવશે. તે એકરાર પણ કરશે. પછી અલ્લાહ સવાલ કરશે મારી આ નેઅમતોનો હકક અદા કરવા માટે તે કયો અમલ કર્યો ? તે કહેશે, યા અલ્લાહ, મેં તારી રાહમાં તે બધી જગ્યાઓ ઉપર માલ ખર્ચ કર્યો જયાં તારી મરજી હતી. અલ્લાહ કહેશે, આ તું ખોટું બોલે છે. તેં માલ ફકત એટલા માટે ખર્ચ કર્યો કે લોકો તને મોટો સખીદાતા કહે અને તે કહેવાઈ ગયું. પછી ફરિશ્તાઓને હુકમ થશે અને તેને ઉંધા મોઢે ઢસડીને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. (મુસ્લિમ)

શું આવા શહીદને શફાઅતની પરવાનગી મળશે ? શું આવા આલિમને સિફારિશની પરવાનગી મળશે ? શું આવા સખીને ભલામણની રજા મળશે ? નહીં... નહીં... કયારેય નહીં...

હઝરત અબુહુરૈરહ રઝિઅલ્લાહુ અન્હુ વર્ણન કરે છે કે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું એક માણસ મુદત સુધી જન્નતીઓ જેવા કામ કરતો રહે છે પરંતુ તેનો અંત જહન્નમીઓ જેવા કામ ઉપર થાય છે અને બીજો માણસ મુદત સુધી જહન્નમીઓ જેવા કામ કરતો રહે છે પરંતુ તેનો અંત જન્નતીઓ જેવા કામ ઉપર થાય છે. (મુસ્લિમ)

ઉપરની બન્ને હદીષો ઉપર વિચાર કરતા આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે કોઈ વ્યકિતના વિશે લોકોનું આપમેળે નકકી કરી લેવું કે ફલાણો અલ્લાહ નજીક

પસંદગી પામેલો છે એ યોગ્ય નથી. તેથી આ વાત પણ નક્કી કરી લેવી યોગ્ય નથી કે અહલે ઈમાનમાંથી કોને શફાઅતની પરવાનગી મળશે અને કોને નહીં મળે ? ખુલાસો એ કે આ વાતની જાણકારી અલ્લાહ સિવાય કોઈને નથી કે વલીનો દરજજો કોણ પ્રાપ્ત કરે છે ? આલિમ અને શહીદનો મર્તબો કોને મળે છે ? તેથી આ જાણકારી પણ અલ્લાહ સિવાય કોઈને નથી કે કયામતના દિવસે શફાઅતની પરવાનગી કોને મળે છે અને કોને નથી મળતી ?

જે દિવસે (કયામત) આકાશ ફાટી જશે, ચાંદ બેનૂર થઈ જશે, તારાઓ વિખેરાઈ જશે, ડુંગરો ધૂળના ઢગલામં ફેરવાઈ જશે, કબરો ખોલી નાખવામાં આવશે, લોકો વિખેરાઈ ગયેલા પતંગિયા માફક હશે, દિલ કંપી રહ્યા હશે, આંખના ડોળા બહાર નીકળી ગયા હશે, કાળજા મોઢે આવી રહ્યા હશે, મોઢા ઉપર ભય છવાયેલો હશે, સૂરજ એક માઈલની દૂરી ઉપર હશે, લોકો પરસેવાથી રેબઝેબ હશે, અલ્લાહ એટલો ગુસ્સે હશે જેટલો કદી પહેલા કે પછી નહીં હોય, મહાન નબીઓ પોતાની જાન બક્ષી માટે દુઆઓ કરતા હશે. લોકો શફાઅતની શોધમાં નીકળશે. હઝરત આદમ અલ્યહિસસલામ ઈન્કાર કરી દેશે. હઝરત નૂહ અલ્યહિસસલામ ઈન્કાર કરી દેશે. હઝરત ઈબ્રાહિમ અલ્યહિસસલામ ઈન્કાર કરી દેશે. હઝરત મુસા અલ્યહિસસલામ ઈન્કાર કરી દેશે અને હઝરત ઈસા અલ્યહિસસલામ પણ ઈન્કાર કરી દેશે. ત્યારે શફાઅત કરનાર હશે આપણા રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શફાઅતની પરવાનગી માટ અર્શે ઈલાહી નીચે સજદામાં પડી જશે. જયારે શફાઅતની પરવાનગી મળશે ત્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શફાઅત કરશે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત સાંભળવામાં આવશે અને કબૂલ પણ કરવામાં આવશે.

તો, ઈમાનવાળાઓ ! હે દિલ અને આંખોનું તેજ ધરાવનારાઓ ! હે જાણકારો, માહિતગારો ! જરા વિચાર કરો તે દિવસે નજાત (મુકિત) માટે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત પ્રાપ્ત કરવી સારી છે કે આપમેળે બનાવેલા સિફારશિની સિફારિશ પ્રાપ્ત કરવી સારી છે ?